GOVERNMENT ARTS & COMMERCE COLLEGE-RAPAR
Esta - 2011
ITI Campus, Chitrod Road, Rapar - 370165. Dist. Kachchh
Email : gaccrapar@gmail.com Phone : 02830 - 221130

O/W Reg.No. Date : / /

## SSIP 2.0 -2024-25

તા.:૩૦/૦૭/૨૦૨૪ ના રોજ સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ રાપરના SSIP ૨.૦ યુનિટનાં નેજા હેઠળ અને આચાર્યશ્રી ડૉ. પરેશ રાવલ સાહેબના માર્ગદર્શન તળે યુવાનો આજનો સળગતો પ્રશ્ન એટલે કે "સ્વાસ્થ્ય"ને સમજી શકે તથા તે ક્ષેત્રમાં પોતાની કારકિર્દી ઘડી શકે તે હેતુસર એક વિશેષ વ્યાખ્યાનસહ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું જેનો વિષય હતો : "આરોગ્ય ક્ષેત્રે તકો".

ધીમેધીમે પણ છટાથી વરસતા વરસાદી વાતાવરણમાં સૌપ્રથમ વક્તાશ્રી અને વિપશ્યનાના આચાર્ય ડૉ. દેવેન્દ્રભાઈ ગોસ્વામીનું પુસ્તક દ્વારા વિદ્યાર્થી પ્રતિનિધિ તરીકે કિરણ ગરવાએ સ્વાગત કર્યું હતું. ત્યારબાદ કૉલેજના ગુજરાતી વિભાગના અધ્યાપક ડૉ. રમજાન હસણિયાએ વક્તાનો પરિચય આપી કાર્યક્રમની ભૂમિકા રચી આપી હતી અને ઉમેર્યું હતું કે, સાહેબ વાગડ વિસ્તારનું એક સેવાભાવી વ્યક્તિત્વ છે.

કાર્યક્રમના મુખ્ય મેહમાન શ્રી ડૉ. ગોસ્વામી સાહેબે સૌ પ્રથમ તો "health is wealth" અનુરૂપ પ્રવચન આપ્યું અને ત્યારબાદ તેઓએ આજના ફાસ્ટ-મુવિંગ વર્લ્ડમાં સ્વસ્થ્ય અંગે રહેલ ઉદાસીનતા અને અજ્ઞાનાનતા ઉપર પ્રકાશ પાડી ભારતમાં ઘર કરેલ બીમારીઓની આંકડાકીય માહિતી આપેલ. ત્યારબાદ તેઓએ આ ક્ષેત્રમાં કારકિર્દી અનુરૂપ રહેલ તકોની વાત કરી હતી જેમ કે ભારત સરકાર યોગની સમગ્ર વિશ્વમાં પ્રતિનિધિ બનેલ છે સાથે સાથે યુવાનો આ ક્ષેત્રમાં જોડાય તે માટે વિવિધ ફૂલ-ટાઈમ કોર્સ, સેમીનાર તથા ડીપ્લોમા કોર્સ સરૂ કરેલ છે જેમાં જોડાઈને યુવાનો યોગ શિક્ષક બની પોતાના યોગ-સેન્ટર ચાલુ કરી શકે જે અંગે ઊંડાણપૂર્વકનું માર્ગદર્શન પુરુ પડ્યું હતું.આ સેમિનાર મા કૉલેજના ૧૨૨ વિધ્યાર્થીઓએ ભાગ લિધેલ હતો. કાર્યક્રમની આભારવિધિ અત્રેની કોલેજના પ્રાધ્યાપક ડૉ. સલીમ હિંગોરાએ કરેલ તથા વિદ્યાર્થીઓ આ ક્ષેત્રમાં જોડાશે તેવો વિશ્વાસ વ્યક્ત કરેલ.

SSIP કો-ઓર્ડીનેટર

ડૉ. સંદીપકુમાર વસાવા

ફોટોગ્રાફ્સ:-




GLOBUS